તારીખ : 09/10/2026

# સાવરકુંડલામાં આરોગ્ય ક્ષેત્રે ઐતિહાસિક ક્રાંતિ: રૂ. ૨ કરોડના માસિક ખર્ચે ચાલતી સંપૂર્ણ નિ:શુલ્ક સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ 'વિશ્વાસ બિલ્ડિંગ'નું લોકાર્પણ વિશ્વ વંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુના હસ્તે થશે






સાવરકુંડલા શહેર અને આસપાસના સમગ્ર વિસ્તારના નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે એક અદ્ભુત અને ઐતિહાસિક અધ્યાયનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે મહાનગરોને પણ પાછળ છોડી દે તેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ ૭૫,000 સ્કવેર ફીટનું 'વિશ્વાસ બિલ્ડિંગ' આકાર પામી ચૂક્યું છે. માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં તૈયાર થયેલા આ સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ આરોગ્યધામનું ભવ્ય લોકાર્પણ વિશ્વ વંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુના પાવન વરદ હસ્તે અને આશીર્વાદ સાથે આગામી તારીખ ૮ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ સવારે ૯:30 કલાકે યોજાશે.શ્રી લલ્લુભાઈ શેઠના સેવાકીય વિચારોને શત-પ્રતિશત સાકાર કરતી આ નવી સુપર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં અતિ આધુનિક અદ્યતન કાર્ડિયોલોજી (હૃદય રોગ), ન્યુરોલોજી (મગજ અને ચેતાતંત્ર) અને અદ્યતન પીડિયાટ્રિક (બાળરોગ) જેવા અત્યંત મહત્વના વિભાગો કાર્યરત થશે. આ ઉપરાંત, હોસ્પિટલ પરિસરમાં જ અતિ આધુનિક નર્સિંગ કોલેજ શરૂ કરવામાં આવશે. આ સુવિધાઓ ઉપલબ્ધ થવાથી સ્થાનિક અને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને ગંભીર બીમારીઓની સારવાર માટે મોટા શહેરો તરફ જવાની જરૂર નહીં રહે.નવનિર્મિત 'વિશ્વાસ બિલ્ડિંગ'માં એક અદ્યતન 'ઘેલાણી સભાહગૃહ' પણ તૈયાર કરાયું છે, જ્યાં મેડિકલ સ્ટાફ અને વિદ્યાર્થીઓના ઉચ્ચ સ્તરીય માર્ગદર્શન માટે સેમિનાર, તાલીમ કાર્યક્રમો અને પ્રેરણાદાયી વ્યાખ્યાનો યોજાશે.આ આરોગ્ય મંદિરની સૌથી અનોખી અને સ્પર્શી જાય તેવી વિશિષ્ટતા એ છે કે અહીં કોઈ કેશ બારી જ રાખવામાં આવી નથી. દર્દીઓ પાસેથી તપાસ, દવાઓ, સર્જરી કે ઓપરેશનનો એક પણ રૂપિયો લેવામાં આવતો નથી; તમામ સારવાર તદ્દન ફ્રી અને સસ્મિત પૂરી પાડવામાં આવે છે. આટલું જ નહીં, અહીં આવતા દર્દીઓ તેમજ તેમની સાથેના સગા-સંબંધીઓ (એટેન્ડન્ટ્સ) માટે પણ નિ:શુલ્ક ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. વર્તમાન સમયે પણ રોજના ૧,૫૦૦થી વધુ દર્દીઓ આ સેવાઓનો લાભ લઈ રહ્યા છે.હાલ આ હોસ્પિટલનો માસિક સંચાલન ખર્ચ રૂ. ૧.૪ કરોડ જેટલો છે, જે નવી સુપર મલ્ટી સ્પેશિયાલિસ્ટ સુવિધાઓ કાર્યરત થતાં વધીને માસિક રૂ. ૨ કરોડથી વધુ થઈ જશે. ઈશ્વર કૃપા, ઉદારમના દાતાશ્રીઓના સહયોગ અને પ.પૂ. મોરારીબાપુના પાવન આશીર્વાદથી આ માનવસેવા યજ્ઞ નિરંતર ધબકી રહ્યો છે.આગામી ૮ જાન્યુઆરીના આ ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટીગણ અને સમગ્ર કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગે સામાજિક, રાજકીય અગ્રણીઓ અને દાતાશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

# “વડીલોના આશીર્વાદ એ જ અમારી અમૂલ્ય સંપત્તિ અને તેમની પીડામાંથી મુક્તિ બાદ ચહેરા પર આવતું સ્મિત એ જ મારા માટે સાક્ષાત્ ઈશ્વરનાં દર્શન સમાન છે” — કસવાળા




## વડીલોના ચહેરા પરનું સ્મિત એ જ સાચી જનસેવા; સાવરકુંડલામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિઃશુલ્ક સાધન સહાય તપાસ કેમ્પમાં ૨૦૦થી વધુ વડીલોએ લીધો લાભ

સાવરકુંડલા: વડીલો એ પરિવારનો આધાર, સમાજનો અનુભવ અને સંસ્કારોની અમૂલ્ય ધરોહર છે. તેમના જીવનમાં સુખ, સુવિધા અને સન્માન વધારવું એ માત્ર સામાજિક જવાબદારી જ નહીં, પરંતુ આપણી સંસ્કૃતિના મૂલ્યોનું જતન પણ છે. આ જ સેવાભાવનાને સાકાર કરતા ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO) તથા અમરેલી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે સાવરકુંડલા શહેરની મહાત્મા ગાંધી ધર્મશાળા ખાતે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક સાધન સહાય મૂલ્યાંકન અને તપાસ કેમ્પ યોજાયો હતો, જેમાં ૨૦૦થી વધુ વડીલોએ લાભ લીધો હતો.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં ૨૫ વર્ષના સેવાયજ્ઞની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જરૂરિયાતમંદ વડીલોને શારીરિક મુશ્કેલીઓમાંથી રાહત અપાવી તેમના જીવનને વધુ સરળ, સુગમ, સ્વસ્થ અને આત્મનિર્ભર બનાવવાનો રહ્યો હતો.આ કેમ્પનો શુભારંભ અમરેલી લોકસભાના માનનીય સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા તેમજ સાવરકુંડલા–લીલિયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા ના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વડીલો, નાગરિકો અને વિવિધ ક્ષેત્રના આગેવાનોએ જોડાઈને વડીલોની સેવા અને સુખાકારી પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.રાષ્ટ્રીય વયોશ્રી યોજના ભારત સરકારની એવી લોકકલ્યાણકારી પહેલ છે, જે વયના કારણે શારીરિક મુશ્કેલીઓનો સામનો કરતા જરૂરિયાતમંદ વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવી તેમના જીવનની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ બને છે.કેમ્પ દરમિયાન ૬૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં ૨૫ વર્ષના સેવાયજ્ઞની ઉજવણી અંતર્ગત વડીલોના સન્માન અને સુખાકારી માટે સેવાકાર્ય







## સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાના હસ્તે કેમ્પનું ઉદ્ઘાટન; જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રીમતી દક્ષાબેન ચીડાવાડિયા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

નાગરિકોની શારીરિક સ્થિતિ અને જરૂરિયાતોનું નિઃશુલ્ક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જરૂરિયાત અને પાત્રતાના આધારે વડીલોને વ્હીલચેર, શ્રવણયંત્ર, વૉકિંગ સ્ટિક, વૉકર, ટૉયલેટ ખુરશી, કમરનો પટ્ટો, ઘૂંટણનો પટ્ટો, ગાદી સહિતનાં વિવિધ સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.આ સાધનો માત્ર રોજિંદી પ્રવૃત્તિઓને સરળ બનાવવામાં જ મદદરૂપ બનતાં નથી, પરંતુ વડીલોના આત્મવિશ્વાસમાં વધારો કરી તેમને વધુ સ્વતંત્ર અને સન્માનપૂર્ણ જીવન જીવવા માટે પણ પ્રેરિત કરે છે.“વડીલોની સેવામાં જ સાચા સંસ્કાર અને જનસેવાની સાર્થકતા” — મહેશભાઈ કસવાળાઆ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાએ વડીલો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના મંત્રનો સાચો અર્થ સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી સરકારી યોજનાનો લાભ પહોંચે ત્યારે જ સાર્થક બને છે. રાષ્ટ્રીય વયોશ્રી યોજના એ વડીલો પ્રત્યે સન્માન, સંવેદના અને સેવા ભાવનાને સાકાર કરતી મહત્ત્વપૂર્ણ પહેલ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, “વડીલો આપણા પરિવાર અને સમાજની અમૂલ્ય મૂડી છે. જીવનભર જેમણે પરિવાર, સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું યોગદાન આપ્યું છે, તેમના જીવનના આ તબક્કે તેમની પીડા ઓછી કરવી અને જીવનને વધુ સુખમય બનાવવું એ આપણી નૈતિક ફરજ છે.”“વડીલોનો સંતોષ અને તેમના આશીર્વાદ અમારા માટે અમૂલ્ય સંપત્તિ છે. કોઈ વડીલને શારીરિક પીડામાંથી રાહત મળે, તેમની મુશ્કેલી ઓછી થાય અને તેમના ચહેરા પર સંતોષભર્યું સ્મિત ખીલે, એ મારા માટે સાક્ષાત્ ઈશ્વરનાં દર્શન સમાન છે. જનપ્રતિનિધિ તરીકે લોકોની સેવા કરવાની તક મળે અને ખાસ કરીને વડીલોના જીવનમાં આનંદની ક્ષણ લાવી શકાય, એ જ મારા માટે સૌથી મોટો સંતોષ અને જનસેવાની સાચી સાર્થકતા છે.”તેમણે આ સેવાકાર્યને સફળ બનાવવા માટે ભારત સરકાર, જિલ્લા વહીવટી તંત્ર, A L I M C O અને આયોજન સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ તથા કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કેમ્પને વડીલો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. ૨૦૦થી વધુ વડીલોનું મૂલ્યાંકન કરીને તેમની જરૂરિયાતો અનુસાર સહાયક સાધનો પૂરા પાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવવી એ આ સેવાકાર્યની મહત્ત્વપૂર્ણ સિદ્ધિ રહી હતી.રાષ્ટ્રીય વયોશ્રી યોજના જેવી લોકકલ્યાણકારી પહેલો દ્વારા વરિષ્ઠ નાગરિકોને સહાય પહોંચાડવાની સાથે સમાજમાં વડીલો પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને જવાબદારીની ભાવના પણ વધુ મજબૂત બને છે.વડીલોના જીવનમાં સુખ, સગવડ અને આત્મવિશ્વાસ વધે, તેમની શારીરિક મુશ્કેલીઓ ઓછી થાય અને તેઓ ગૌરવભેર જીવન જીવી શકે — એ જ આ સેવાકાર્યનો સાચો હેતુ છે.“સેવા એ માત્ર કાર્ય નથી, પરંતુ સંવેદનાનો સંકલ્પ છે; અને વડીલોના આશીર્વાદ એ સંકલ્પને સફળ બનાવતી સૌથી મોટી શક્તિ છે.”આ ભાવના સાથે સાવરકુંડલામાં યોજાયેલો આ કેમ્પ વડીલો પ્રત્યેના સન્માન, સંવેદના અને જનસેવાના ઉમદા સંકલ્પને સાકાર કરતો સેવાયજ્ઞ બની રહ્યો હતોઆ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી દક્ષાબેન ચોડવડિયા, અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, સાવરકુંડલા નગરપાલિકાનાં પ્રમુખ શ્રીમતી નયનાબેન કાપડિયા, તાલુકા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી દક્ષાબેન મહીડા તથા આર.સી.આઈ.ના ગવર્નિંગ કાઉન્સિલ મેમ્બર શ્રીમતી પૂજાબેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 09/10/2026

# રુરલ આઈટી ક્વિઝ માં અમરેલી જિલ્લા કક્ષાએ સાવરકુંડલા ની શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ




ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), અને બાલ ભવન અમરેલી દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની RURAL IT QUIZ સ્પર્ધા તા. 7 ઓક્ટોબર 2026 ના રોજ અમરેલી સ્થિત ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ ખાતે યોજાઈ હતી.આ સ્પર્ધામાં સાવરકુંડલા તાલુકાની શ્રી મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ વાસજાળીયા હેત બીપીનભાઈ અને રણોલીયા રીધમ ભાવેશભાઈ એ ઉત્કૃષ્ટ દેખાવ કરી જિલ્લા કક્ષાએ વિજેતા બની પ્રમાણપત્ર મેળવ્યું હતું. વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી તથા સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષક શ્રી વિભાકર ભાઈ લલીતભાઈ ઉપાધ્યાય ને અભિનંદન આપી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આગામી 13 ઓક્ટોબર 2026 ના રોજ આ વિદ્યાર્થીઓ ગાંધીનગર રાજ્ય કક્ષાની સ્પર્ધામાં જશે, અને ત્યાં ઉત્તૃષ્ઠ દેખાવ કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

નોંધ : ફકત હિન્દુ સમાજ આવકાર્ય



## ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તથા

### ડી.કે. પટેલ & લુહાર યુવા ગૃપ આયોજિત

# પ્રિ-નવરાત્રી મહોત્સવ

પ્રેઝન્ટ બાય : રોનાલ્ડ ઓરકેસ્ટ્રા

## ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત અને ડી.કે. પટેલ અને લુહાર યુવા ગ્રુપ ના સહયોગ થી વન -ડે પ્રિ નવરાત્રી 2026 કાર્યક્રમ ની ખાસ વાત....

* તમામ આવનાર જજ બહારનાં...
* 50 કરતા પણ વધુ બ્રાન્ડેડ ગિફ્ટ ની વણઝાર...

* પાસ સ્પોન્સર સોનિક જ્વેલર્સ
* પ્રિન્સ પ્રિન્સેસ કિંગ ક્વીન ગિફ્ટ સ્પોન્સર - આવકાર રેસ્ટોરન્ટ એન્ડ બેન્કેવટ હૉલ
* એડલ્ટ કેટેગરી  ગિફ્ટ સ્પોન્સર - ગોકુલ જ્વેલર્સ
* કિડસ કેટેગરી ગિફ્ટ સ્પોન્સર - દ્વારકાધીશ વુમન્સ હોસ્પિટલ
* સ્પેશિયલ કેટેગરી ઈનામ સંતોષ ઘડિયાળ અને અઢળક પ્રોત્સાહિત ઈનામો...

તમામ ખેલૈયાઓ અને સાવરકુંડલા તાલુકાની તમામ જનતા ને અનુરોધ છે જલ્દી થી પાસ લઈ લો...

## આ આયોજન ફકત હિન્દુ સમાજ માટે છે અને ગરીબ બાળકો ના ભવિષ્ય માટે છે...

### : પાસ મેળવવાના સ્થળો :

| | |
|---|---|
| **મધુરમ્ મોબાઈલ**<br>રિધ્ધિ સિધ્ધિ નાથ ચોક - મો. 97142 30030 | **સહજાનંદ મોબાઈલ**<br>દેવળા ગેઈટ,પોલીસ ચોકી સામે - મો. 94086 83783 |
| **શકિત મોબાઈલ**<br>ગઢિયા પેટ્રોલ પમ્પ સામે, મહુવા રોડ - 97372 12505 | **બજરંગ ગેસ**<br>આઝાદ ચોક - મો. 94290 77470 |

તારીખ : 09/10/2026

# TCS અંતર્ગત IT Quizમાં જે. વી. મોદી હાઈસ્કૂલના ચાર વિદ્યાર્થીઓની ભાગીદારી




સાવરકુંડલાની જે. વી. મોદી હાઈસ્કૂલના ચાર વિદ્યાર્થીઓએ T C S (Tata Consultancy Services) અંતર્ગત યોજાયેલી IT Quizમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ IT Quizમાં શાળાના સોલંકી માનવ, મકવાણા પ્રિન્સ, વણાર વીર અને વાળા ચિરાગએ ભાગ લઈ IT, કમ્પ્યુટર અને આધુનિક ટેકનોલોજી સંબંધિત વિવિધ પ્રશ્નો દ્વારા પોતાની જ્ઞાનક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.વિદ્યાર્થીઓને આ સ્પર્ધા માટે માર્ગદર્શક શિક્ષક નિતિનભાઈ સાવજ દ્વારા માર્ગદર્શન અને તૈયારી કરાવવામાં આવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ IT ક્ષેત્રની આ જ્ઞાનવર્ધક સ્પર્ધામાં આત્મવિશ્વાસપૂર્વક ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓની આ ઉત્સાહપૂર્ણ ભાગીદારી બદલ ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટ તથા નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓએ ચારેય વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષક નિતિનભાઈ સાવજને અભિનંદન પાઠવ્યા હતા તથા ભવિષ્યમાં આવી જ્ઞાનવર્ધક સ્પર્ધાઓમાં વધુ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

તારીખ : 09/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હા...હા... ઈનામો સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ આવશે...હા...હા...હા...

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




કુલ ઈનામો
૫૫૧

₹ ૭૫૦૦ ‘ફ્રી’
ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

# સાયબર ફ્રોડમાં ગુમાવેલી સંપૂર્ણ રકમ અરજદારને પરત અપાવતી સાવરકુંડલા રૂરલ પોલીસ

## ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા રૂરલ પોલીસની સરાહનીય કામગીરી




સાયબર ગુનાઓના ભોગ બનેલા નાગરિકોને ન્યાય અપાવવા અને તેમની મહેનતની કમાણી પરત અપાવવાના હેતુથી અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા રૂરલ પોલીસે સરાહનીય કામગીરી કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામના અરજદાર કલાણિયા સોહમભાઈ હુસેનભાઈ સાથે સાયબર ફ્રોડની ઘટના બની હતી, જેમાં તેમની રકમ ગુમ થઈ હતી. આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી સાયબર ફ્રોડમાં ગયેલી સંપૂર્ણ રકમ રિકવર કરી અરજદારને પરત સોંપી નાગરિકોને રાહત અપાવી છે.પોલીસની આ કામગીરીથી અરજદારને તેમની ગુમાવેલી રકમ પરત મળી છે. સાયબર ગુનાઓ સામે જાગૃતિ લાવવા અને ભોગ બનેલા લોકોને મદદરૂપ થવા માટે પોલીસની આવી કામગીરી નાગરિકોમાં વિશ્વાસ વધારે છે.સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોય તો તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કરવો અથવા સત્તાવાર પોર્ટલ પર ફરિયાદ નોંધાવવી.અમરેલી જિલ્લા પોલીસની ‘તેરા તુજકો અર્પણ’ પહેલ નાગરિકોની ગુમાવેલી રકમ પરત અપાવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 09/10/2026

# વૈદિક સનાતન ધર્મની અભૂતપૂર્વ ઘટના

## મોરારીબાપુ દ્વારા "સ્વસ્તિક યાત્રા" સાથે કથા ગાન થશે




૬૮ વર્ષથી મોરારીબાપુ વિશ્વભરમાં હરિ નામનું મહિમા ગાન કરી રહ્યા છે. વિશ્વના ૧૭૦ દેશોમાં બાપુએ રામકથાના માધ્મયથી " " નો સંદેશ વહેતો કર્યો છે. વિશ્વ શાંતિ અને સૃષ્ટિના કલ્યાણ કાજે ચાલી રહેલો બાપુનો આ પ્રેમ યજ્ઞ છે. અડસઠ વર્ષની કથા યાત્રા દરમિયાન બાપુની વ્યાસપીઠે વિશ્વને ધર્મ અને આધ્યાત્મિકતાના અર્ક રૂપે સત્ય, પ્રેમ અને કરુણા રૂપી ત્રિસૂત્રી અમૃત આપ્યું છે. વ્યાસપીઠે પોતાની સુદીર્ઘ કથા યાત્રા દરમિયાન અવનવા પડાવો પાર કર્યા છે. એવા જ એક અનોખા આધ્યાત્મિક પડાવ રૂપે આગામી નવરાત્રી દરમિયાન વ્યાસપીઠ દ્વારા "સ્વસ્તિક યાત્રા" નું આયોજન થયું છે. લગભગ ૧૮૦૦ વર્ષ પહેલા વૈદિક સનાતન ધર્મના ઉદ્ધારક શ્રી શંકરાચાર્યજી મહારાજે ભારતની ચાર દિશાઓમાં સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર અને સંરક્ષણ- સંવર્ધન માટે ચાર મઠ (પીઠ)ની સ્થાપના કરી હતી. દક્ષિણ ભારતના કાલડી ગામે પ્રકટ થયેલ આ દિવ્ય ચેતનાએ હિંદુસ્તાનની દક્ષિણ દિશામાં શૃંગેરી મઠ (શૃંગેરી - કર્ણાટક), ઉત્તર દિશામાં જ્યોતિર્મઠ(બદ્રીનાથ- ઉત્તરાખંડ), પૂર્વમાં ગોવર્ધન મઠ (જગન્નાથ પુરી- ઉડીસા) અને પશ્ચિમ દિશામાં શારદા મઠ (દ્વારકા - ગુજરાત) ની સ્થાપના કરી હતી. સનાતન ધર્મના પુનર્જાગરણ અને રક્ષા માટે અવતાર ધારણ કરનાર આ મહાપુરુષે, એ કાળમાં કાલડીથી કેદારનાથ અને દ્વારકાથી જગન્નાથ પુરીની પદયાત્રા કરીને સનાતન ધર્મની ધજાને ફરકતી રાખી હતી. આજે આશરે અઢારસો વર્ષ બાદ શંકરાચાર્યજી સ્થાપિત ચાર પીઠને સાંકળી લેતા ધર્મ-પથ પર મોરારીબાપુ રેલ-યાત્રા દ્વારા રામ કથાનું ગાન કરવા જઈ રહ્યા છે. દક્ષિણથી ઉત્તર અને પશ્ચિમથી પૂર્વનો આ યાત્રા-પથ સ્વસ્તિક જેવો આકાર રચે છે, તેથી બાપુએ "સ્વસ્તિક યાત્રા"નામ કરણ કર્યું છે. યાત્રા બે ચરણમાં યોજાનાર છે. પ્રથમ ચરણમાં ૧૦મી ઓક્ટોબરથી કન્યાકુમારીથી કથાનું મંગલાચરણ અને યાત્રાનો આરંભ થશે. કેરલમ્, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, હરિયાણા, પંજાબ,કાશ્મીર અને ઉત્તરાખંડ એમ કુલ આઠને આવરી લઈને કેદારનાથ ખાતે કથા વિરામ પામશે. યાત્રાનું બીજું ચરણ પશ્ચિમે દ્વારકા( શારદા પીઠ)થી આરંભાશે. દિપાવલી બાદ (લાભ પાંચમ) તારીખ ૧૪-૧૧-૨૦૨૬ના રોજ કથાગાનનો આરંભ થશે. ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઉડીસા-એમ છ પ્રદેશ પાર કરીને ૨૩ નવેમ્બરે ગોવર્ધન પીઠના સાનિધ્યમાં જગન્નાથ પુરી ખાતે કથા વિરામ પામશે. વૈદિક સનાતન ધર્મ પરંપરામાં આ અનોખી યાત્રા દ્વારા વ્યાસ વાટિકાના ફ્લાવર્સને ચાર ધર્મ-પીઠ સાથે રાષ્ટ્રના ૧૧ પ્રદેશોના બે જ્યોતિર્લિંગ અને દસ મહત્વના ધર્મ સ્થાનો તેમ જ અન્ય આધ્યાત્મિક - ઐતિહાસિક સ્થાનોનાં દર્શનના આનંદ સાથે કથા શ્રવણનો લાભ પ્રાપ્ત થશે. પૂજ્ય બાપુની વ્યાસપીઠને સંપૂર્ણ સમર્પિત એવા પૂર્ણ આશ્રિત શ્રી મદનલાલજી પાલિવાલ પરિવાર દ્વારા સ્થાપિત "સંતકૃપા સનાતન સંસ્થાન" ના નેજા નીચે સ્વસ્તિક યાત્રાનું આયોજન સંપન્ન થશે. વ્યાસપીઠના શાલીન અને સમર્પિત શ્રોતા શ્રી રૂપેશકુમાર વ્યાસે આ કથા યાત્રાની આદીથી અંત સુધીની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. આ દુર્ગમ યાત્રા છે, જે કેવળ અસ્તિત્વની કૃપાથી જ સંપન્ન થઈ શકે છે. ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં સ્વસ્તિક કથા યાત્રા માઈલ સ્ટોન તરીકે પ્રસ્થાપિત થશે.

કે.ડી. NEWS
તારીખ : 09/10/2026
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરૂ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે.પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવશ્ય પધારશો.

તેમજ ગ્રામોદ્યોગ માં અનેક વસ્તુઓ હાજરમાં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:૦૦ થી ૧:૦૦, બપોર પછી ૩:૦૦ થી ૭:૦૦**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરુ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

**શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય**

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા.
મો. ૯૪૨૯૦ ૭૬૫૪૦

તારીખ : 09/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

**હવેથી નવા સરનામે**

**એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા**

**સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.**




ક્રેટા, સ્વીફટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

**નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.**

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**

**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

| | | |
|---|---|---|
| હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી<br>મો. 98248 17492 | હાજી અમજદભાઈ એસ. શેખાણી<br>મો. 95742 02753 | જુનેદભાઈ એસ. શેખાણી<br>મો. 97235 95955 |

કે.ડી. NEWS
તારીખ : 09/10/2026

# કેપ્ટન સ્મિત મચ્છરને ઈઝરાયેલનો સર્વોચ્ચ વીરતા પુરસ્કાર એનાયત કરાશે; અમેરિકામાં પણ સન્માનની જાહેરાત

## વિમાનમાં ગંભીર હુમલા છતાં 174 મુસાફરોના જીવ બચાવનાર ગુજરાતી પાયલટની બહાદુરીને વિશ્વભરમાં બિરદાવાઈ



ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરે વિમાનમાં સર્જાયેલી અત્યંત ગંભીર પરિસ્થિતિમાં અદમ્ય સાહસ, હિંમત અને સમયસૂચકતા દાખવી અનેક લોકોના જીવ બચાવ્યા હતા. તેમની આ અસાધારણ વીરતાની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગે કેપ્ટન સ્મિત મચ્છરને દેશના સર્વોચ્ચ નાગરિક વીરતા પુરસ્કાર 'પ્રેસિડેન્શિયલ એવોર્ડ ફોર સિવિલિયન હીરોઈઝમ'થી સન્માનિત કરવાની જાહેરાત કરી છે. તેમની તબિયતમાં સુધારો થયા બાદ આ સન્માન એનાયત કરવામાં આવશે. વિમાનમાં સંકટ વચ્ચે બતાવ્યું અદમ્ય સાહસ 30 સપ્ટેમ્બર, 2026ના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની FZ1073 ફ્લાઈટમાં ગંભીર ઘટના બની હતી. અહેવાલો અનુસાર, સહ-પાયલટે કોકપિટમાં કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થવા છતાં કેપ્ટન સ્મિતે હિંમત ગુમાવી નહોતી અને કોકપિટનો દરવાજો ખોલવામાં સફળ રહ્યા હતા. આથી મુસાફરોને હુમલાખોરને કાબૂમાં લેવામાં મદદ મળી હતી. ત્યારબાદ વિમાનનું સાઉદી અરેબિયાના તબુક ખાતે સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.આ ઘટનામાં કેપ્ટન સ્મિત મચ્છરની હિંમત અને સમયસૂચકતાને કારણે સંભવિત મોટી દુર્ઘટના ટળી હતી. તેમની બહાદુરી બદલ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક અગ્રણીઓએ તેમની પ્રશંસા કરી હતી. *અમેરિકામાં પણ સન્માન માટે પહેલ* કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીની અમેરિકામાં પણ નોંધ લેવામાં આવી છે. તેમના સાહસને બિરદાવવા અમેરિકી કોંગ્રેસમાં સન્માન માટેની પહેલ અંગે અહેવાલો સામે આવ્યા છે. આમ, એક ભારતીય પાયલટની હિંમત અને ફરજપરાયણતાને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી રહી છે.કેપ્ટન સ્મિત મચ્છરની આ બહાદુરીએ ગુજરાત સહિત સમગ્ર ભારતનું ગૌરવ વધાર્યું છે. પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા, ગંભીર સંજોગોમાં ધીરજ અને અન્ય લોકોના જીવનની રક્ષા માટે જોખમ સામે ઝઝૂમવાની તેમની ભાવના અનેક લોકો માટે પ્રેરણારૂપ બની છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

oppo

Sadguru Group — Your smile our goal

KORE MOBILE

## OPPO F35 Series 5G

Group selfie Expert

PRE-BOOK NOW



Festive OFFER

FREE PREMIUM GIFT

ON PRE BOOKING




Powered by ColorOS

10% Instant Cashback* OR UPTO 18 Months Zero Down Payment* OR 10% Exchange Bonus*

STUDENT OFFER 10% + 2% Instant Cashback* | UPTO 70 Assured Buyback* at ₹399

# સદ્ગુરૂ મોબાઈલ

કિશનભાઈ - મો. 98245 29132

સાગરભાઈ - મો. 98982 99199

મહુવારોડ, એક્સિસબેંકની સામે, સાવરકુંડલા

કે.ડી. NEWS
તારીખ : 09/10/2026

# શ્રી દાધિયા પ્રાથમિક શાળા ના બાળકો વિજ્ઞાન મેળામા જળકયા







આજ રોજ તારીખ 9-10-2026 ને શુક્રવારના રોજ સી. આર. સી. વિજપડી અને સી. આર. સી ખડસલી ના સંયુક્ત ઉપક્રમે સી. આર. સી. કક્ષાના વિજ્ઞાન મેળાનુ આયોજન શ્રી હાડીડા પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતુ. જેમા અલગ અલગ પાચ વિભાગમા સી. આર. સી. ની તમામ શાળા ના બાળકો એ ભાગ લીધો હતો જેમા અત્રેની શ્રી દાધિયા પ્રાથમિક શાળા ના બાળકો એ ખુબ જ મહેનત અને શિક્ષકો ના સતત માર્ગદશનથી બનાવેલ કૃતિ બે વિભાગ મા પ્રથમ નંબર એ અને એક વિભાગ મા તૃતિય નંબર મેળવી શાળા નુ અને ગામનુ ગૌરવ વધાર્યું હતુ. આ સફળતા માટે ગણીત વિજ્ઞાન શિક્ષક ચિ. ઈશીતાબેન કિજલબેન,મિનાક્ષીબેન, સંજયભાઈ, ધ્રવિકાબેન બધાનો ખૂબ સહયોગ રહયો હતો. આ સફળતા ના હકદાર અને મહેનત કરાવનાર તમામ શિક્ષકોને શાળા ના આચાર્ય શ્રી મહેશભાઈ શેલાર સાહેબ અને શાળા ના SMC અધ્યક્ષ કનુભાઈ ખુમાણે ખુબ ખુબ શુભકામનાઓ આપી હતી તને હજુ તાલુકા કક્ષાએ પણ સફળ થવાના આશિર્વાદ આપ્યા હતા.

oppo

સસ્તું એટલે DWARKESH MOBILE

# OPPO F35 Series 5G

## Group Selfie Expert

PRE-BOOK NOW



Festive OFFER

FREE PREMIUM GIFT

ON PRE BOOKING




Powered by ColorOS

10% Instant Cashback* | OR | UPTO 18 Months Zero Down Payment* | OR | 10% Exchange Bonus*

STUDENT OFFER 10% + 2% Instant Cashback* | UPTO 70 Assured Buyback* at ₹399

SBI card | HDFC BANK | AXIS BANK | ICICI Bank | IDFC FIRST Bank | kotak | BOBCARD | YES BANK | DBS | BAJAJ FINANCE | TVS CREDIT | IDFC FIRST Bank | HDB | DMI FINANCE | UPI

# દ્વારકેશ મોબાઈલ

રમેશભાઈ વાઘેલા

મો. 99982 13837

જુના બસ સ્ટેન્ડ રોડ, સાવરકુંડલા

કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

# બાબરામાં મહાકાલી માતાજીના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે 10 ઓક્ટોબરે ડાક-ડમરૂ કાર્યક્રમનું આયોજન

## મસાણી મેલડીમાં ગ્રુપ દ્વારા શનિવારે રાત્રે 8 વાગ્યે ધાર્મિક કાર્યક્રમ યોજાશે

અમરેલી જીલ્લાના બાબરા ખાતે મહાકાલી માતાજીની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના ભાગરૂપે મસાણી મેલડીમાં ગ્રુપ દ્વારા તા. 10 ઓક્ટોબર, શનિવારના રોજ રાત્રે 8 વાગ્યે પરંપરાગત ડાક-ડમરૂ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ ધાર્મિક પ્રસંગે ડાક-ડમરૂની પરંપરાગત રજૂઆત સાથે મહાકાલી માતાજીની આરાધના કરવામાં આવશે. કાર્યક્રમમાં ઢસાના રાવળદેવ કૃષ્ણભાઈ દેવ તથા અમરેલીના જીતુભાઈ દેવના મસાણી મેલડી ગ્રુપ દ્વારા ભક્તિભાવપૂર્ણ ધાર્મિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે.મહાકાલી માતાજીના પવિત્ર સાનિધ્યમાં યોજાનારા આ કાર્યક્રમમાં ભક્તિ, શ્રદ્ધા અને પરંપરાનો ત્રિવેણી સંગમ જોવા મળશે. ધાર્મિક મહોત્સવને લઈને ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મસાણી મેલડીમાં ગ્રુપ દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આયોજકો દ્વારા ધર્મપ્રેમી જનતાને આ ભક્તિમય કાર્યક્રમમાં ઉપસ્થિત રહી મહાકાલી માતાજીનાં દર્શન અને ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તારીખ : 09/10/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# નવરાત્રી નિમિતે

અવનવી ડીઝાઈનમાં હાર, ચુંદડી, અંબાજી સ્પે. ધુપ તથા ગુગળ તેમજ અવનવી વેરાયટીમાં ડેકોરેશનની ખરીદી કરવા આજે જ પધારો..

# જય ખોડીયાર પુજાપા સેન્ટર

મેઈનબજાર, સાવરકુંડલા

ક્રે.ડે NEWS

તારીખ : 09/10/2026

# રાજુલાની 125 વર્ષ જૂની ઐતિહાસિક હવેલીમાં દાગ મનોરથનો ધાર્મિક ઉત્સવ ઉજવાયો

## પૂજ્ય રાજુબાવાના હસ્તે મહાઆરતી, વૈષ્ણવોએ ઠાકોરજીનાં દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો



અમરેલી જીલ્લાના રાજુલા શહેરની 125 વર્ષ જૂની ઐતિહાસિક શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે પુષ્ટિમાર્ગીય પરંપરા અનુસાર દાગ મનોરથનો પાવન ધાર્મિક ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે હવેલીમાં ઠાકોરજીનાં દર્શન કરવા મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડ્યા હતા અને સમગ્ર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠ્યું હતું.આ ધાર્મિક પ્રસંગે વલ્લભકુલના ગાદીપતિ પરમ પૂજ્ય 108 શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ (રાજુબાવા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ ઠાકોરજીનાં દર્શન કર્યાં બાદ દાગ મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂજ્ય રાજુબાવાના હસ્તે મહાઆરતી કરવામાં આવી હતી. ઉપસ્થિત વૈષ્ણવોએ ઠાકોરજીનાં દર્શનનો લહાવો લીધો હતો તેમજ મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. પૂજ્ય રાજુબાવાએ વૈષ્ણવોને દર્શન આપી આશીર્વાદ પાઠવ્યા હતા.આ પ્રસંગે હવેલીના એમ.ડી. રસિકભાઈ પારેખ, ભૂપતભાઈ સોની, વિનુભાઈ વાવડીયા, શ્યામભાઈ રાયસા, ICICI બેંકના મેનેજર નીલકંઠભાઈ, મનુભાઈ જાની સહિત મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા.રાજુલાની આ ઐતિહાસિક હવેલીમાં પૂજ્ય રાજુબાવાના આગમન અને દાગ મનોરથના ઉત્સવથી રાજુલા પંથકના વૈષ્ણવોમાં ભારે ઉત્સાહ અને આનંદની લાગણી છવાઈ હતી. આ સાથે દિવાળી બાદ હવેલી ખાતે વધુ એક ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# નવલી નવરાત્રીનાં આગમને વિવિધ વેરાયટીઓની ખરીદી માટે ૧૦૦ વર્ષો જુનુ એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

## અમારે ત્યાંથી પ્લાસ્ટીક તથા મેટલ પતાકડા અવનવી વેરાયટીમાં મોતીહાર, સુખડહાર, રેશમહાર, ફુલના હાર, સાટીનપટ્ટી હાર, તુઈના હાર, દરેક પ્રકારના ગરબીના રંગીન કાગળ, મેટલ વેલ, ફુલવેલ, ગોટાવેલ, ગાર્ડનવેલ, નીત નવીન વેરાયટીમાં શણગાર સામાન

**દરેક પ્રકારનો પુજાપો, દશાંગ ધુપ, ગુગળ, અગરબત્તી, અમારી સ્પેશ્યલ દરેક સાઈઝની માતાજી આકર્ષક ચુંદડીઓ અવનવી વેરાયટીમાં મળશે..**

# આશાના જનરલ સ્ટોર્સ

મેઈનબજાર, સાવરકુંડલા. મો. 98249 29394/99248 83535

બ્રાન્ચ : શાહીવાળો ખાંચો, શ્રીજી ચેમ્બર, સાવરકુંડલા

તારીખ : 09/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક
બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - ફોટો કેક
મેક અપ કીટ કેક

## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેકેકોરેશન બેબી શાવર ડેકોરેશન
ની તમામ આઈટમ મળશે..

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ,
સાવરકુંડલા
મો. 88667 59838



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 09/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

# બ્રાન્ડ તો બનાવવી જ પડે..

ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

**પ્રકાશ** ® પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...




તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

## ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

## એક નવી ડિજિટલ ઓળખ !

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

* તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
* તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
* Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
* તમારા બિઝનેસ માટે Video Gallery
* Customer Reviews દર્શાવવાની સુવિધા
* WhatsApp Direct Contact ની સુવિધા
* Google Map Location ઉમેરવાની સુવિધા
* તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
* તમારી Digital Profile માટે QR Code
* Digital Visiting Card બનાવવાની સુવિધા
* Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

**પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ**

**ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ**

**નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....**


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"અંધકારની હાજરીમાં આપણે
ડરવા લાગીએ છીએ કારણ કે
આપણને કાંઈ દેખાતું નથી.
મોતના આગમન ટાણે એ જ
માણસ ડરતો હોય છે કે જેને
પોતાનું ભાવિ ઉજવળ દેખાતું નથી.
આપણો નંબર આમાં ન લાગી
જાય એનું ધ્યાન રાખવા જેવું છે."




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

**3540**
**09/10/2026**
**Friday**

## आत्मा

नियमित ध्यान साधना से "वृक्ष" से भी सम्पर्क किया जा सकता है, और उसके भी गुण जाने जा सकते है.

बाबास्वामी
9/10/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




એક મિત્રનો ગ્રુપમાં મેસેજ આવ્યો "મારું Fake ID કોઈએ બનાવ્યું છે, તો કોઈ મારા નામે પૈસા માંગે તો આપતા નહીં."

બધા મિત્રો :- "અલા, તું રૂબરૂ આવીને માંગે તો'ય ના આપીએ."

---

ભાઈ આ ઉનાળો છે કે શિયાળો સમજાતું નથી શું કરું.?

મોટો ભાઈ: સહન

તારીખ : 09/10/2026
ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૭ ઓક્ટોબર

## મહત્વની ઘટનાઓ

૧૯૬૨ – યુગાન્ડા એક સ્વતંત્ર કોમનવેલ્થ ક્ષેત્ર બન્યું.

૨૦૦૬ – ઉત્તર કોરિયાએ તેનું પ્રથમ પરમાણુ પરીક્ષણ કર્યું.

૨૦૧૨ – પાકિસ્તાની તાલિબાને શાળાની વિદ્યાર્થીની મલાલા યુસુફઝઈની હત્યા કરવાનો પ્રયાસ કર્યો.

## જન્મ

૧૯૩૬ – જોસેફ મેકવાન, ગુજરાતી ભાષાના નવલકથાકાર, ટૂંકી વાર્તા લેખક તેમજ નિબંધકાર (અ. ૨૦૧૦)

૧૯૪૫ – અમજદ અલી ખાન, ભારતીય શાસ્ત્રીય સરોદવાદક

૧૯૫૩ – શારદા સિંહા, બિહારના શાસ્ત્રીય ગાયિકા

## અવસાન

૧૯૩૪ – વેલેરિયન પોલિશચક, યુક્રેનિયન લેખક, કવિ અને નિષ્પાદિત પુનર્જાગરણના પ્રતિનિધિ (જ. ૧૮૯૭)

૨૦૦૬ – કાંશીરામ, ભારતીય વકીલ અને રાજકારણી (જ. ૧૯૩૪)

૨૦૧૫ – રવિન્દ્ર જૈન, ભારતીય સંગીતકાર અને દિગ્દર્શક (જ. ૧૯૪૪)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ ટપાલ દિન

ભારતીય વિદેશ સેવા દિવસ

તારીખ : 09/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની
દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ
કરીયાણાની દુકાનના
વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 09/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




90K

59K

43K

100K

**સંપર્ક : મો. 94997 97973**